# BUSINESS મિત્ર

## શેરબજારમાં વેચવાલી: નિફ્ટીએ 25000ની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી દીધી

# નબળા કોર્પોરેટ અર્નિંગ અને વૈશ્વિક નબળા સંકેતોના પગલે શેરબજારમાં કડાકો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 18:** ભારતીય શેરબજારમાં સપ્તાહના અંતિમ દિવસે ભારે વેચવાલી જોવા મળી હતી. આ ઘટાડા પાછળના મુખ્ય કારણમાં કોર્પોરેટ નબળા પરિણામો, વિદેશી રોકાણકારોની વેચવાલી અને વૈશ્વિક બજારોના નબળા સંકેતોથી રોકાણકારોની ચિંતા વધી છે. આજે નિફ્ટીએ 25000 પોઈન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી દીધી છે. જેમાં સૌથી વધુ બેન્કીગ, ફાઈનાન્સીયલ, ઈન્ડસ્ટ્રીયલ અને કેપિટલ ગુડસ શેરોમાં ઘટાડો નોંધાયો છે. જ્યારે મીડિયા, મેટલ અને આઈટી શેર્સ વધ્યા હતા.

ગઈકાલે એક્સીસ બેન્કના પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર થયા હતા, જે અપેક્ષાની સરખામણીએ નબળા રહ્યા હતા, જે 6 ટકાનો ઘટાડો નોંધાયો છે. એટલું જ નહીં, બેન્કે પોતાની એનપીએ કેટેગરાઈઝેશન અને લોન અપગ્રેડ પોલિસીમાં ફેરફાર કર્યો છે, જેના કારણે પરિણામ અપેક્ષા કરતા નબળા આવ્યા હતા.

વિદેશી રોકાણકારોએ જુલનાઈમાં અત્યાર સુધીમાં રૂ. 2694 કરોડના શેર વેચ્યા છે. તેઓ અગાઉના ક્વાર્ટર ગાળામાં ખરીદદારો હતા, પરંતુ જુલાઈમાં તેઓએ ફરી એકવાર વેચવાલીનું વલણ અપનાવ્યું છે. વૈશ્વિક બજારોમાં નરમાઈ જોવા મળી હતી.

બીએસઈ સેન્સેક્સ 501.51 પોઈન્ટ એટલે કે 0.61 ટકા ટકા તૂટીને 81757.73 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 82334 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો. જ્યારે નીચામાં 81603 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 25000 પોઈન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી તોડી હતી. નિફ્ટી આજે 143.05 પોઈન્ટ એટલે કે 0.57 ટકા ઘટીને 24968.40 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 25144 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24918 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 545.80 પોઈન્ટ એટલે કે 0.96 ટકા ઘટીને 56283 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -501.51 | 81757.73 |
| નિફ્ટી | -143.05 | 24968.40 |
| બેન્ક નિફ્ટી | -545.80 | 56283.00 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| વિપ્રો | 2.44 | 266.95 |
| બજાજ ફાઇ. | 2.03 | 942.00 |
| ટાટા સ્ટીલ | 1.54 | 162.37 |
| ઓએનજીસી | 1.00 | 246.31 |
| નેસલે ઇન્ડિયા | 0.94 | 2472.20 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એક્સીસ બેન્ક | 5.22 | 1099.30 |
| શ્રીરામ ફાઇનાન્સ | 3.00 | 645.50 |
| બીઇએલ | 2.34 | 294.75 |
| એચડીએફસી લાઇફ | 1.64 | 739.50 |
| ભારતી એરટેલ | 1.50 | 1901.00 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 1.94 | 941.85 |
| ટાટા સ્ટીલ | 1.66 | 162.50 |
| ICICI બેન્ક | 0.52 | 1426.50 |
| એચસીએલ ટેકનો | 0.32 | 1549.05 |
| ઇન્ફોસીસ | 0.24 | 1586.55 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એક્સીસ બેન્ક | 5.24 | 1099.10 |
| બીઇએલ | 2.34 | 394.70 |
| ભારતી એરટેલ | 1.49 | 1901.05 |
| એચડીએફસી બેન્ક | 1.47 | 1957.40 |
| કોટક બેન્ક | 1.44 | 2140.75 |

### રૂપિયો વધુ નબળો પડ્યો

કરન્સી બજારમાં રૂપિયો વધુ નબળો પડ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 6 પૈસા વધુ નરમ રહ્યો હતો અને 86.15ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 100.17, પાઉન્ડ 116.41, કેનેડિયન ડોલર 62.88, ઓસ્ટ્રેલિયન ડોલર 55.99, જાપાનીઝ યેન 0.5803, સીંગાપોર ડોલર 67.30ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 86.15 રૂ. |
| યુરો | 100.17 રૂ. |
| પાઉન્ડ | 116.41 રૂ. |
| યેન | 0.5804 રૂ. |

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| પ્રફુલ/સાલાસર/કેપલોન | રૂા. | | | | |
|---|---|---|---|---|---|
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| **લોકલ** | | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| | | ૮૦/૧૦૮ '' | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૭૨૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૪૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૫૦ | સનફ્લાવર | ૨૨૩૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૯૦ | દિવેલ | ૨૪૨૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૨૫૦ |
| સરસીયું તેલ | ૨૭૮૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૦૧૪૦૦ |
| તેજાબી સોનું | ૧૦૧૩૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૬૬૩૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૯૯૩૭૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૦૧૪૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૧૫૭૦૦ |
| ચાંદી સિક્કા | ૧૧૭૨૦૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૪૦૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

## રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના પ્રથમ ક્વાર્ટરના નફામાં ૭૮ ટકાનો ઉછાળો

**અત્યાર** સુધીનો સૌથી ઉંચો રૂ. ૨૬,૯૯૪ કરોડનો ત્રિમાસિક નફો

નવી દિલ્હી, તા. ૧૮(પીટીઆઈ): ભારતની સૌથી મૂલ્યવાન કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે શુક્રવારે એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં રૂ. ૨૬,૯૯૪ કરોડનો અત્યાર સુધીનો સૌથી વધુ ત્રિમાસિક નફો નોંધાવ્યો છે, જે નફો ગ્રાહક વ્યવસાયો અને રોકાણ વેચાણ દ્વારા દોરવાયો છે અને એક વર્ષ અગાઉના આ સમયગાળાના નફા કરતા ૭૮.૩ ટકાનો વધારો દર્શાવે છે. ઓઈલ-થી માંડીને રિટેલથી લઈને ટેલિકોમ સુધીના ધંધાઓ કરતા કંપની સમૂહનો કંપનીનો સંયુક્ત ચોખ્ખો નફો એપ્રિલ-જૂન ૨૦૨૫માં રૂ. ૨૬,૯૯૪ કરોડ અથવા રૂ. ૧૯.૯૫ પ્રતિ શેર રહ્યો, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં રૂ. ૧૫,૧૩૮ કરોડ હતો એ મુજબ એક્સચેન્જ ફાઈલિંગમાં જણાવાયું છે.

## રિલાયન્સ રિટેલે દેશની જૂની રેફ્રિજરેટર બ્રાન્ડ કેલ્વિનેટર ખરીદી લીધી

**કેટલામાં** સોદો થયો તેની હાલ વિગતો નહીં, કેલ્વિનેટર ફરી લોકપ્રિય બનવાની આશા

મુંબઈ, તા. ૧૮: રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની કંપની રિલાયન્સ રિટેલે દેશની એક સમયની ખૂબ જાણીતી હોમ એપ્લાયન્સ બ્રાંડ કેલ્વિનેટરને ખરીદી લીધી છે જે કંપની ખાસ કરીને તેના રેફ્રિજરેટરો માટે ખૂબ જાણીતી હતી.

જો કે રિલાયન્સ રિટેલ અને કેલ્વિનેટર વચ્ચે આ સોદો કેટલી કિંમતમાં થયો છે તેની કોઈ વિગતો હજી બહાર આવી નથી. કેલ્વિનેટર કંપની ભારતમાં પોતાના વિશ્વાસપાત્ર રેફ્રિજરેટર ઉપરાંત ધ કૂલેસ્ટ વન જેવી યાદગાર ટેગલાઈન માટે ખૂબ જાણીતી હતી.

હવે તે રિલાયન્સના વધતા પોર્ટફોલિયોનો એક ભાગ બનશે. કંપની કહે છે કે આ કંપની ખરીદવાનો હેતુ ભારતીય ઘરોમાં વૈશ્વિક સ્તરના ઉચ્ચ ગુણવત્તાવાળા ઉપકરણો લાવવાનો છે. રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ઈશા અંબાણીએ જણાવ્યું હતું કે, 'આ ખરીદી ભારતીય ગ્રાહકો સુધી વિશ્વસનીય વૈશ્વિક નવીનતા લાવવાના અમારા મિશનમાં એક મહત્વપૂર્ણ પગલું છે.' તેમણે કહ્યું કે રિલાયન્સની વિશાળ પહોંચ અને રિટેલ નેટવર્ક કેલ્વિનેટરને ફરીથી લોકપ્રિય બનાવવામાં મદદ કરશે.

# શેર્સ, મ્યુ. ફંડમાંથી કેપિટલ ગેઈન

2024ના બજેટમાં 23.7.2024થી અમલી બને તેમ લીસ્ટેડ શેર્સ અને મ્યુ. ફંડના વેચાણમાંથી ઉદ્દ્ભવતા લોંગ ટર્મ કેપિટલ ગેઈન (LTCG) ઉપર ટેક્ષ રેઈટ 10 ટકાથી વધારી 12.5 ટકા કરવામાં આવ્યો છે. 22.7.2024 સુધી આ ગણતરી 10 ટકાના ટેક્ષ રેઈટથી કરવી પડશે. આમ આખા વર્ષ દરમ્યાન બે ટેક્ષ રેઈટ અમલમાં રહેશે.

**કુલ આવક 3 લાખથી ઓછી હોય**

વ્યકિત અને HUFના કેઈસમાં LTCG સિવાયની અન્ય આવક A.Y. 2025-26 માટે 3 લાખથી ઓછી હોય તો નિયત મુકિતમર્યાદા 3 લાખમાંથી અન્ય આવકો બાદ કરીને જે તફાવત આવે તે LTCG માંથી બાદ લેવાનો અને આ નેટ LTCG માંથી 1.25 લાખની બીજી કરમુકિતનો લાભ લીધા પછીની રકમ ઉપર જ 12.50 ટકાનો ટેક્ષ રેઈટ તથા સરચાર્જ અને સેશ લાગશે.

**દાખલો**

એક વ્યકિતની હિસાબી વર્ષ 2024-25 A.Y. 2025-26ની શેર્સના વેચાણમાંથી ઉદ્દ્ભવતી LTCG આવક 4.10 લાખ છે. હવે કલમ 112-A મુજબ 1.25 લાખની કરમુકિતનો લાભ લેતા નેટ આવક 2.85 લાખ થાય છે. આવકવેરાની નવી ટેક્ષ પ્રણાલિ મુજબ 3 લાખથી આ આવક ઓછી હોય કોઈ ટેક્ષ ભરવાનો થતો નથી.

**ટેક્સ ટ્વિટર**
**વિરેશ રૂદલાલ**

**દાખલો**

એક વ્યકિતની શેર્સની LTCG આવક 2.85 લાખ છે અને અન્ય આવક 1.25 લાખ છે જે 3 લાખની લીમીટથી ઓછી છે. તો આ તફાવત 1.75 લાખ (3 લાખ-1.25 લાખ) LTCG આવક 2.85 લાખમાંથી બાદ જતાં નેટ LTCG આવક 1.10 લાખ થશે જે કરમુકિત મર્યાદા 1.25 લાખથી ઓછી હોય કોઈ ટેક્ષ ભરવાનો આવશે નહિ.

નોંધઃ નિયત મુકિત મર્યાદા 3 લાખ સુધીની અન્ય આવકનો લાભ NRI તથા બિન રહીશ ભારતીયને મળવાપાત્ર નથી.

**કલમ-87Aનું રીબેટ મળવાપાત્ર નથી**

LTCG આવકમાંથી કલમ 80Cની કપાતો જેવી કે LIC, PPF વિગેરે બાદ મળશે નહિ. વળી કલમ 87Aનું રીબેટ પણ બાદ મળશે નહિ. એક દાખલો લઈ સમજાવીએ તો 7 લાખ સુધીની આવક ઉપર 25000નો ટેક્ષ આવે છે જે રીબેટ તરીકે બાદ મળવાપાત્ર હોય કોઈ પણ ટેક્ષ જવાબદારી આવશે નહિ. પરંતુ LTCG આવક સંદર્ભે રીબેટનો લાભ મળવાપાત્ર નથી. નવી ટેક્ષ પ્રણાલીમાં 7 લાખ સુધીની છૂટ છે.

**A.Y. 2025-26 રીટર્ન ડયુ ડેઇટ**

ઈન્કમટેક્ષ રીટર્નો ફોર્મ નં. 1 થી 4 બહાર પડી ગયા છે. ફોર્મ, પગારદાર કર્મચારી અંગેના છે. તેની યુટીલીટી બહાર પડી ગયેલ હોય ભરી શકાશે તથા ફોર્મ નં. 3 ધંધાદારી વર્ગ કે જેઓ અંદાજિત આવકમાં નહિ હોય પરંતુ રેગ્યુલર ધંધાકિય આવક હોય અને કેપિટલ ગેઈન આવક હોય, યુટીલીટી બહાર પડી છે પરંતુ ઈન્કમટેક્ષ સોફટવેરમાં અપડેઈટ થયેલ નથી તેથી ભરી શકાતા નથી. ફોર્મ નં. 4 કે જે અંદાજિત આવક અંગે છે જે ધંધાદારીઓના ટર્નઓવર 3 કરોડ સુધી હોય અને 6 ટકા અથવા 8 ટકા ચોખ્ખો નફો દર્શાવે તેઓ આ કેટેગરીમાં આવે છે. ભાગીદારી પેઢીના ફોર્મ નં. 5, કંપનીના ફોર્મ નં. 6 તથા ટ્રસ્ટના ફોર્મ નં. 7 હજુ બહાર પડયા નથી. ટેક્ષ ઓડિટ રીપોર્ટની યુટીલીટી બહાર પડી છે. ઓડિટ સિવાયના તમામ માટે 15[9[25ની લંબાવેલી તારીખ છે.

## 'સૈયારા' બે નાના તારાઓની સંગીતમય લવસ્ટોરી

'સૈયારા' એક પ્રેમકથા છે. ક્રિશ એક ઉભરતો ગાયિકા છે જે ગાયનની દુનિયામાં એક મોટું નામ બનવાનું સ્વપ્ન જુએ છે. વાણી (અનીત પડ્ડા) લેખનમાં કારકિર્દી બનાવવાનો પ્રયાસ કરી રહી છે. તે ગીતો પણ લખે છે. બંને મળે છે અને એકબીજાના પ્રેમમાં પડે છે. તેમના પ્રેમમાં ઉતાર-ચઢાવ આવે છે. બંનેનો પોતાનો ભૂતકાળ છે જેને પાર કરવાનો તેઓ ખૂબ પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ તે સરળ નથી. અને પછી એક અવરોધ આવે છે જે તેમની પ્રેમકથાના પાયાને હચમચાવી નાખે છે. શું તેઓ અવરોધોને પાર કરીને પ્રેમમાં વિજયી બને છે? સંકલ્પ સદાનાહે એક હૃદયસ્પર્શી વાર્તા લખી છે જે આધુનિક છે છતાં ભારતીય લાગણીઓના મૂળ તેમાં છે જેનાથી આધુનિકતા અને પરંપરાગત મૂલ્યોનું આટલું શાનદાર મિશ્રણ સામે આવે છે જે બદલ તેમની પ્રશંસા કરવી જોઈએ. તેમની પટકથા ઉત્કૃષ્ટ છે. નાટક એટલું ઝડપી અને એટલું રસપ્રદ છે કે તે દર્શકોને સંપૂર્ણપણે બાંધી લે છે.અમુક દ્રશ્યોમાંઘણા દર્શકો માટે તેમના આંસુઓને કાબૂમાં રાખવા મુશ્કેલ બને છે. લાગણીઓ એટલી મજબૂત અને એટલી બધી છે કે તે ઘણી જગ્યાએ હૃદયને સ્પર્શી જાય છે. ક્રિશ અને વાણી વચ્ચેના રોમાંસમાં તાજગી છે. ક્રિશ તરીકે અહાન પાંડેએ શાનદાર કામ કર્યું છે. અનિત પડા સુંદર છે અને વાણી તરીકે શાનદાર છાપ છોડી દે છે. સંગીત ફિલ્મનો મજબૂત પક્ષ છે, તમામ ગીત હિટ છે. મોહિત સૂરીનું નિર્દેશન શાનદાર છે, તેણે આ બંને નવા અભિનેતાઓ પાસે સારું કામ કરાવ્યું છે.

**મૂવી રિવ્યુ**
**અમર સોલંકી દ્વારા**

**ફિલ્મ:** સૈયારા (યુ-એ)

**રેટીંગ:** ★★½☆☆

**એક લાઈનનો પ્રતિભાવ:** નવા અભિનેતાઓની મ્યુઝીકલ લવ-સ્ટોરી જોવી ગમતી હોય તો ફિલ્મ ચુકશો નહીં

**અભિનેતાઃ** અહાન પાંડે, અનીત પડ્ડા, વરૂણ બડોલા, રાજેશ કુમાર **નિર્માતાઃ** યશ રાજ ફિલ્મ્સ **નિર્દેશકઃ** મોહિત સૂરી

# ભારત સરકાર અમેરિકાની ધમકીને વશ થઈને રશિયા સાથેનો વેપાર બંધ કરી દેશે?



ભારત એક સ્વતંત્ર અને સાર્વભૌમ દેશ છે પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ઉપરાંત યુરોપના શ્રીમંત દેશો પણ ભારતને તેનું ગુલામ માની રહ્યા છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનું યુદ્ધ અટકાવી દેવાનો દાવો ડોનાલ્ડ ટ્રમ્પે વારંવાર કર્યો હતો. હવે તેઓ ભારત પર રશિયાનું ખનિજ તેલ ખરીદવાનું બંધ કરાવવાનું દબાણ કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે ધમકી આપી છે કે જો આગામી ૫૦ દિવસમાં રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ બંધ નહીં થાય તો અમેરિકા રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદનારા ભારત સહિતના દેશો પર ૧૦૦ ટકા જકાત લાદશે. બીજી બાજુ ઉત્તર એટલાન્ટિક સંધિ સંગઠન (નાટો) ના મહાસચિવ માર્ક રૂટે ચીન, બ્રાઝિલ અને ભારતને યુક્રેનમાં યુદ્ધ રોકવા માટે રશિયા પર દબાણ લાવવા કહ્યું છે. તેમણે ધમકી આપી છે કે જો ભારત રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવાનું બંધ નહીં કરે તો અમેરિકા તેના પર પ્રતિબંધો લાદશે. માર્ક રૂટની આ ચેતવણી પર ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ''ભારત માટે ઊર્જા સુરક્ષા પ્રાથમિકતા છે. તેલની આયાતના સંદર્ભમાં અમે વૈશ્વિક પરિસ્થિતિઓ દ્વારા માર્ગદર્શન મેળવીએ છીએ. અમે આ બાબતમાં બેવડાં ધોરણો સામે ચેતવણી આપીએ છીએ.''

ભારત અને ચીન રશિયન ક્રુડ ઓઇલના સૌથી મોટા આયાતકાર છે. ભારત તેની તેલની જરૂરિયાતના લગભગ ૮૮ ટકા આયાત કરે છે. ભારત રશિયાની કુલ નિકાસના ૩૮ ટકા ખનિજ તેલની ખરીદી કરે છે . ફેબ્રુઆરી ૨૦૨૨ માં યુક્રેન પર રશિયાના હુમલા પહેલાં ભારતની રશિયાથી તેલની આયાત બે ટકાથી ઓછી હતી. રશિયાએ તેના તેલની ભારતમાં આયાત પર ડિસ્કાઉન્ટ આપ્યું હતું અને ભારતની ઘણી રિફાઇનરીઓએ તેનો લાભ લીધો હતો. જો બિડેનના શાસનકાળ દરમિયાન પણ ભારત પર રશિયા પાસેથી તેલની આયાત બંધ કરવાનું દબાણ હતું, પરંતુ મોદી સરકાર તે સમયે પશ્ચિમી દેશોને ખૂબ જ આક્રમક રીતે જવાબ આપી રહી હતી. ડોનાલ્ડ ટ્રમ્પ તેમના બીજા કાર્યકાળમાં ભારત પ્રત્યે વધુ આક્રમક હોય તેવું લાગે છે. ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ ભારતને માત્ર ધમકી આપી રહ્યા નથી, પરંતુ અમેરિકાના સેનેટરો રશિયા પાસેથી તેલ ખરીદતા દેશો પર ૫૦૦ ટકા ટેરિફ લાદવાનાં બિલ પર કામ પણ કરી રહ્યા છે.

ભારત સરકારે રશિયા પાસેથી ખનિજ તેલની આયાત બંધ કરવાની માનસિક તૈયારી કરી લીધી હોય તેમ ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીના વિધાન પરથી સમજાય છે. હરદીપ સિંહ પુરીએ કહ્યું છે કે '' જો રશિયાથી ખનિજ તેલની આયાત પ્રભાવિત થાય તો ભારતને તેલના પુરવઠા અંગે કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં, કારણ કે આપણો તેલનો પુરવઠો કોઈ એક દેશ પર આધારિત નથી.'' જો ભારતને રશિયાના ખનિજ તેલની ખરીદી બંધ કરવી પડે તો ભારતને બે પડકારોનો સામનો કરવો પડશે. જો રશિયાથી તેલની આયાત બંધ થઈ જશે તો ભારતને સસ્તું તેલ નહીં મળે. આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય બજારમાં ખનિજ તેલના ભાવો વધશે અને ભારતે મોંઘું ખનિજ તેલ ખરીદવું પડશે. આ મામલો ફક્ત ખનિજ તેલનો નથી. અમેરિકા કહી રહ્યું છે કે ભારતે રશિયા સાથે વેપાર બંધ કરવો જોઈએ. આવી સ્થિતિમાં ભારતના સંરક્ષણ પુરવઠાનું શું થશે?

જો ભારત અમેરિકાના દબાણ સામે ઝૂકી જાય તો રશિયા સાથેના તેના સંબંધો પર શું અસર પડશે?

જો રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદનારા દેશો પર ટેરિફ લાદવાની ડોનાલ્ડ ટ્રમ્પની ધમકી વાસ્તવિકતામાં ફેરવાઈ જશે તો ભારત માટે મુશ્કેલીઓ વધશે. જ્યાં સુધી રશિયાનો સવાલ છે, ત્યાં સુધી તે ભારતની મજબૂરી સમજે છે, પરંતુ ભારતની સામે ચીન પણ છે અને ચીન અમેરિકન ધમકીઓ સામે ઝૂકશે નહીં. ચીને ટ્રમ્પની દરેક ધમકીનો જવાબ આપ્યો છે અને તેને કારણે ટ્રમ્પ પોતે ચીન સાથે વેપાર સોદો કરવા મજબૂર થયા છે. ડોનાલ્ડ ટ્રમ્પ તેમના મિત્રો સાથે ખૂબ જ કડક વર્તન

**ટુ ધ પોઇન્ટ**
**સમકિત શાહ**

કરી રહ્યા છે પરંતુ તેમની જ ભાષામાં કડકાઈથી જવાબ આપનારાઓ સાથે કરાર કરી રહ્યા છે. ચીને અમેરિકાને દુર્લભ પૃથ્વી ખનિજો અને સેમિકન્ડક્ટરનો પુરવઠો બંધ કરી દીધો હતો. પહેલાથી જ એવો ભય હતો કે રશિયાની ચીન પર નિર્ભરતા વધી રહી છે. જો ભારત અમેરિકાના દબાણ સામે ઝૂકી જાય તો શું તે ચીનના ફાયદામાં રહેશે? તે સ્પષ્ટ છે કે રશિયાની ચીન પર નિર્ભરતા વધશે અને આ ભારત માટે કોઈ પણ રીતે સારું નથી. રશિયા પાસે હવે ચીન સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. રશિયાની કુલ તેલ નિકાસના ૪૭ ટકા ચીનમાં થઈ રહી છે. આમ છતાં, ચીન સંપૂર્ણપણે પશ્ચિમવિરોધી ન થઈ શકે, કારણ કે પશ્ચિમના દેશો સાથે ચીનનો વેપાર ખૂબ મોટો છે.

રશિયાએ ગયા વર્ષે ખનિજ તેલની નિકાસમાંથી ૧૯૨ અબજ ડોલરની કમાણી કરી હતી. હકીકતમાં રશિયા યુક્રેન સામેના યુદ્ધમાં જે ખર્ચાઓ કરી રહ્યું છે તે ખનિજ તેલની નિકાસ દ્વારા સરભર કરી રહ્યું છે. રશિયાના ખનિજ તેલની આવક બંધ થઈ જાય તો તે યુક્રેનનું યુદ્ધ લાંબો સમય સુધી ચાલુ રાખી શકે તેમ નથી. ડોનાલ્ડ ટ્રમ્પ આ આવકને લક્ષ્ય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ તેની અસર ફક્ત રશિયા પૂરતી મર્યાદિત રહેશે નહીં. રશિયા દરરોજ ૭૦ લાખ બેરલથી વધુ તેલની નિકાસ કરી રહ્યું છે અને જો આમાં વિક્ષેપ પડે તો ક્રુડ ઓઇલના ભાવમાં વધારો થશે. હવે ડોનાલ્ડ ટ્રમ્પ એવા દેશોને નિશાન બનાવી રહ્યા છે જે રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદી રહ્યા છે.

રશિયામાં ભારતના ભૂતપૂર્વ રાજદૂત અને ભૂતપૂર્વ વિદેશ સચિવ કંવલ સિબ્બલે માર્ક રૂટના નિવેદનને ફરીથી પોસ્ટ કરતી વખતે X પર લખ્યું છે કે ''નાટો હવે ભારતને ધમકી આપી રહ્યું છે. ભારત, ચીન અને બ્રાઝિલને ધમકી આપીને નાટોના વડા ફક્ત ભૂ-રાજકીય ઊંડાણ પ્રત્યેની તેમની અજ્ઞાનતા જ પ્રગટ કરી રહ્યા છે. શું નાટો આ ત્રણ દેશોને પણ ધમકીઓ આપશે? નાટોના સેક્રેટરી જનરલને ખ્યાલ નથી કે આવી ચેતવણીઓનો શું પ્રભાવ પડશે. તુર્કી રશિયા પાસેથી મોટી માત્રામાં ખનિજ તેલની આયાત કરે છે. તુર્કી નાટોનું સભ્ય છે. શું નાટોના સેક્રેટરી જનરલ તુર્કી પર પણ પ્રતિબંધો લાદશે? નાટો પોતાની સુવિધા મુજબ તુર્કીના કિસ્સામાં મૌન છે. EU હજુ પણ તેની ખનિજ તેલની જરૂરિયાતના સાત ટકા રશિયા પાસેથી આયાત કરે છે. શું હંગેરી અને સ્લોવાકિયા પર પણ પ્રતિબંધો લાદવામાં આવશે? આ બંને દેશો પણ નાટોના સભ્યો છે. નાટોએ સત્તાવાર રીતે અમને જવાબ આપવો જોઈએ જેથી ડોનાલ્ડ ટ્રમ્પ સુધી પણ તેમનો સંદેશો પહોંચે.''રાજનીતિના જાણકારો કહે છે કે ભારતે આ દબાણ સ્વીકારવું જોઈએ નહીં, કારણ કે આ અમેરિકા તરફથી છેલ્લું દબાણ નહીં હોય. જો તેમની આ માંગણી ભારત સ્વીકારી લેશે તો તેમની માંગણીઓ વધતી જશે. અમેરિકાના કિસ્સામાં તેનો લક્ષ્યાંક નક્કી નથી. રશિયા પાસેથી સસ્તું તેલ ઉપલબ્ધ છે અને ભારતે તે ખરીદવું જોઈએ. જો આપણે રશિયા પાસેથી તેલ નહીં ખરીદીએ તો તેલ મોંઘું થશે અને તેની સીધી અસર ભારતના અર્થતંત્ર પર પડશે. ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળમાં ભારતની રણનીતિ થોડી બદલાઈ ગઈ હોય તેવું લાગે છે. જો બિડેનના શાસનમાં ભારત અમેરિકાને સચોટ જવાબ આપતું હતું પરંતુ હવે તે ચૂપ છે. ચીન સિવાય કોઈ દેશ બોલી રહ્યો નથી. ડોનાલ્ડ ટ્રમ્પની માંગણીઓનો કોઈ અંત નથી. અમેરિકા ટોલ ટેક્સ જેવા ટેરિફની માંગ કરી રહ્યું છે, પરંતુ લાગે છે કે ડોનાલ્ડ ટ્રમ્પે હજુ સુધી આમાંથી કંઈ હાંસલ કર્યું નથી. જે દેશો સાથે વેપાર સોદો થયો છે તેઓ પણ બહુ સહમત નથી. અમેરિકાનાં લોકોને આનો ભોગ બનવું પડશે.

જો ભારત રશિયા સાથેના વેપાર બાબતમાં અમેરિકાની ધમકીને વશ થશે તો તેની અસર રશિયા અને ભારત વચ્ચેના સંરક્ષણ કરાર ઉપર પણ પડશે. ભારત અને રશિયા સંયુક્ત રીતે સંરક્ષણ સાધનોનું ઉત્પાદન કરી રહ્યાં છે. ઉદાહરણ તરીકે બ્રહ્મોસ મિસાઇલ છે. આપણે અમેરિકા સાથે આ પ્રકારનો સંરક્ષણ સહયોગ કરી શકતા નથી કારણ કે તે ખૂબ ખર્ચાળ હશે અને આ ઉપરાંત તે ભારત સાથે ટેકનોલોજી શેર કરવા પણ તૈયાર નથી. રશિયા પાસે ભારતમાં એક પરમાણુ ઊર્જા પ્લાન્ટ છે જ્યારે અમેરિકા સાથે નાગરિક પરમાણુ કરાર હોવા છતાં, ભારતમાં કોઈ પરમાણુ ઊર્જા પ્લાન્ટ નથી. જો આપણે રશિયાથી દૂર જઈશું તો ઈરાનમાં ભારતનો ચાબહાર પ્રોજેક્ટ આગળ વધી શકશે નહીં. ભારતે જો પોતાનું સાર્વભૌમ ગિરવે મૂકી દીધું હોય તો જ તેણે અમેરિકાની ધમકીને વશ થવું જોઈએ. વડા પ્રધાન મોદી ટ્રમ્પને તેમની ૫૬ ઇંચની છાતી બતાવી શકશે ખરા?

**ભારત સરકારે રશિયા પાસેથી ખનિજ તેલની ખરીદી બંધ કરવાની માનસિક તૈયારી કરી લીધી હોય તેમ ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીના વિધાન પરથી સમજાય છે**


ફક્ત રૂા. ૭૦/- થી શરૂ

રોમાંચક કથા — નિકિતા રોય




* સોનાક્ષી સિંહા * અર્જુન રામપાલ * પરેશ રાવલ
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

એકશન થ્રીલર — માલિક




* રાજકુમાર રાવ * માનુષી છિલ્લર
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



RAJHANS




ગોપીતળાવ નવસારી બજાર, સુરત
સૈયારા — અહાન પાંડે, અનિતા પડ્ડા — ૧૦.૦૦, ૧૨.૦૦, ૧.૦૦, ૩.૦૦, ૪.૦૦, ૬.૧૫, ૭.૦૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦
સુપરમેન (હિન્દી) ૧૨.૩૦
જુરાસિક વર્લ્ડ:રીબર્થ — 2D હિન્દી : 3.30
સંઘવી એન્ડ સન્સ — ગુજરાતી : ૬.૦૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.



APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ક્રી માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 8238380822
Book Tickets Now from : bookmyshow.com paytm | @applecinemasurat

રોમાંચક લવસ્ટોરી




૯.૦૦, ૧૦.૩૦, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૦૦, ૪.૧૦, ૬.૧૦, ૭.૦૦, ૯.૨૦, ૧૦.૦૦, ૧૧.૦૫
સંઘવી એન્ડ સન્સ ગુજરાતી — ૯.૨૫, ૧૨.૨૦, ૩.૧૫, ૬.૧૦, રાત્રે ૯.૦૦
જુરાસિક વર્લ્ડ:રીબર્થ — ૯.૩૦, ૧૨.૦૦, ૬.૪૫
મેટ્રો...ઈન દિનોં — ૯.૨૦, ૩.૧૦, ૬.૫૦, રાત્રે ૧૦.૧૦
સિતારે જમીન પર — ૯.૧૦, ૧૦.૨૦, ૩.૫૦, રાત્રે ૯.૫૦



નિકીતા રોય હિન્દી — ૧૧.૫૦, ૪.૫૦, રાત્રે ૮.૦૦, ૯.૦૦
માલિક — ૯.૨૦, ૧૨.૧૦, ૨.૩૫, રાત્રે ૮.૨૦, ૧૦.૦૦
જલેબી રોક્સ — ગુજરાતી : ૩.૦૦ | વ્હાલી — ગુજરાતી : ૫.૩૫
માં ૧.૨૦ | સુપરમેન હિન્દી ૪.૧૫
સંત તુકારામ — હિન્દી ૧૨.૧૦
ડેડા — ગુજરાતી : ૫.૨૫ | SMURES — હિન્દી : ૨.૩૦



**વાપી મહાનગરપાલિકા- વાપી**
**૩૯૬૧૯૧, તા- વાપી, જી- વલસાડ**
**(ઇલેક્ટ્રિકલ વિભાગ) ( જાહેર નિવિદા નં.૦૩/૨૦૨૫-૨૬)**

વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, વાપી ટે.નં. (૦૨૬૦) ૨૪૬૩૩૭૮ તરફથી યોગ્ય લાયકાત ધરાવતા અનુભવી કાર્ય કરવાની ઇચ્છા ધરાવનાર તથા સરકાર માન્યતા પ્રાપ્ત ઇજારદારશ્રી પાસેથી નીચે મુજબના કામો માટે ઓન લાઇન ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડરની વધુ વિગતો વાપી મહાનગરપાલિકા કચેરીએ ઓફિસ સમય દરમ્યાન જોવા મળશે. તેમજ ઓનલાઇન https://vapimunicipality.nprocure.com,https://www.nprocure.com and tender.nprocure.com website ઉપર જોવા મળી શકશે. તેમજ દરેક કામનું કવર અલગથી સિલબંધ કવરમાં મોકલવાનું રહેશે. તથા કવર ઉપર કામનું નામ ટેન્ડર આઇ.ડી. અને બાંધકામ શાખાનું નામ અવશ્ય લખવાનું રહેશે. ભાવપત્રક ખોલવા કે ના ખોલવા તથા મંજુર કરવા કે નામંજુર કરવાનો હક્ક વાપી મહાનગરપાલિકાને અબાધિત રહેશે. જે માટે કોઇપણ કારણો આપવામા આવશે નહિ.

| અ. નં. | કામનું નામ | ૧. અંદાજીત કિંમત ૨. સરકાર માન્ય શ્રેણી | ૩. ટેન્ડર ફી ૪. ડીપોઝીટ ૫. સમય મર્યાદા |
|---|---|---|---|
| ૧ | વાપી મહાનગરપાલિકાના વિવિધ વિસ્તારમાં સરકારશ્રીની મુખ્યમંત્રી શહેરી વિકાસ જનભાગીદારી યોજના અંતર્ગત સ્ટ્રીટ લાઇટને લગતી કામગીરી માટે યુનિટ રેટ માંગવી એમપેનલમેન્ટ કરવાનું કામ. | ૧. યુનિટ રેટ ૨. D & Above | ૩) ૨૮૩૨/- ૪) ૫૦,૦૦૦/- |
| ૨ | વાપી મહાનગરપાલિકાને જરૂરિયાત મુજબ નવા એરકંડિશનર પૂરા પાડવા તથા સને ૨૦૨૫-૨૬ ના વાર્ષિક ભાવે એરકંડિશનર મરામત કરવાનું કામ. | ૧) આઇટમ રેટ ૨) ------ | ૩) ૧૭૭૦/- ૪) ૫૦,૦૦૦/- ૫) ૧ વર્ષ |
| ૩ | વાપી મહાનગરપાલિકાની વિવિધ અસ્કયામતો ખાતે લગાવેલ સોલર પાવર પ્લાન્ટની વાર્ષિક ભાવે મરામત કરવા તેમજ નવા સોલર પાવરપ્લાન્ટ પ્રસ્થાપિત કરવાનું કામ. | ૧) આઇટમ રેટ ૨) ------ | ૩) ૧૭૭૦/- ૪) ૫૦,૦૦૦/- ૫) ૧ વર્ષ |
| ૪ | વાપી મહાનગરપાલિકાના રેલવે અંડરબ્રિજ લગાવેલ તથા વિવિધ અસ્કયામતો ખાતે લગાવેલ ઇલેક્ટ્રિકલ કંટ્રોલ પેનલની વાર્ષિક ભાવે મરામત કરવાનું કામ. | ૧) આઇટમ રેટ ૨) ------ | ૩) ૧૭૭૦/- ૪) ૫૦,૦૦૦/- ૫) ૧ વર્ષ |
| ૫ | વાપી મહાનગરપાલિકા હસ્તકની વિવિધ અસ્કયામતો ખાતે લગાવેલ ડિઝલ જનરેટર સને ૨૦૨૫-૨૬ ના વાર્ષિક ભાવે મરામત કરવાનું કામ. | ૧) આઇટમ રેટ ૨) ------ | ૩) ૧૭૭૦/- ૪) ૫૦,૦૦૦/- ૫) ૧ વર્ષ |

| | |
|---|---|
| ઓનલાઇન ટેન્ડર ડાઉનલોડ શરૂ કરવાની તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ કરવાની આખરી તારીખ | ૦૩/૦૮/૨૦૨૫ |
| ટેકનીકલ બીડ તથા ટેન્ડર ફી, બાનાની રકમ અને અન્ય દસ્તાવેજો માત્ર રજી. પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી (રૂબરૂમાં દસ્તાવેજો સ્વીકારવામાં આવશે નહીં) રજુ કરવાની આખરી તારીખ | ૧૧/૦૮/૨૦૨૫ ૧૭:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની સંભવિત તારીખ | ૧૩/૦૮/૨૦૨૫ બપોરે ૧૨:૩૯ કલાકે (શક્ય હશે તો) |

નં. માહિતી/વલસાડ/૩૨૩/૨૦૨૫ — સહી/- જે.કે.પટેલ, સીટી ઈજનેર, વાપી મહાનગરપાલિકા



**ઇન્ડેક્ષ્ટ-સી (ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન કોટેજ)**
**(ગુજરાત સરકારની સંસ્થા)**
**બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર**
**ઓફિસ : ૦૭૯-૨૩૨૫૬૦૦૫ E-mail : exdire-indext-c@gujarat.gov.in**

**ગુજરાત રાજયના હાથશાળ-હસ્તકલાના કારીગરોને રાજય પારિતોષિક તેમજ ઝોન વાઈઝ પારિતોષિક આપવા અરજીઓ મંગાવવા બાબત**

ગુજરાત રાજયના હાથશાળ-હસ્તકલાના ભવ્ય અને ભાતીગળ વારસાને જીવંત રાખનાર કારીગરોને તેઓની ઉત્કૃષ્ઠ કલા કારીગરી માટે રાજ્ય સ્તરે એવોર્ડ આપી સન્માનિત કરવા માટે ૨૦૨૪ ના વર્ષના એવોર્ડ માટેના નમૂનાઓ મેળવવા માટે નિયત અરજી ફોર્મમાં સંપૂર્ણ વિગતો સાથે તા. ૧૮/૦૮/૨૦૨૫ સુધીમાં અરજીઓ મંગાવવામાં આવે છે. ચાર સેકટર - ૧. ટેક્ષટાઈલ, ૨. ભરતકામ, ૩. મોતીકામ/ચર્મકામ/અર્થન/લાકડુ તથા વાંસકામ/મેટલ ક્રાફ્ટ, ૪. અન્ય ક્રાફ્ટ એ મુજબ સેક્ટરદીઠ પસંદગી પામેલ કૃતિઓમાંથી રાજયકક્ષાના પ્રથમ અને દ્વિતીય પારિતોષિક ઉપરાંત તમામ સેકટરમાં મળી એક મહિલા કારીગર પારિતોષિક, એક યુવા કારીગર પારિતોષિક અને લુપ્ત થતી ક્રાફ્ટ માટે એક પારિતોષિક તથા રાજ્યના જિલ્લાઓના જુદા જુદા ચાર ઝોનમાં વર્ગીકૃત કરી ઝોન દીઠ ચાર સેક્ટરવાઈઝ ક્રાફ્ટ માટે પ્રથમ વિજેતાને સન્માન-પારિતોષિકોને શાલ, સન્માનપત્ર અને રોકડ પુરષ્કાર આપી સન્માનિત કરવામાં આવનાર છે.

નિયત અરજી ફોર્મ ઇન્ડેક્ષ્ટ-સીની કચેરીએથી કચેરી કામકાજના કલાકો દરમિયાન રૂબરૂમાં અથવા વેબસાઇટ www.craftofgujarat.gujarat.gov.in ઉપરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે. આ અંગેની વધુ વિગતો અને માર્ગદર્શક સૂચનાઓ કચેરીની વેબસાઇટ www.craftofgujarat.gujarat.gov.in પર ઉપલબ્ધ છે. અધુરી વિગતોવાળુ અરજી ફોર્મ રદ બાતલ ગણવામાં આવશે.

માહિતી/૮૯૭/૨૦૨૫-૨૬ — કાર્યવાહક નિયામક, ઈન્ડેક્ષ્ટ-સી, ગાંધીનગર